


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા




માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ અંક : ૩૬ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ સુદ બીજ, સોમવાર ૧૮ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦

# રતલામ નજીક રાજધાની એક્સપ્રેસમાં આગ લાગી

**મુસાફરોને સમયસર માત્ર 15 મિનિટમાં ઉતારી લેવાતા કોઇ જાનહાનિ નહીં, બે કોચને નુકસાન**

**વહેલી સવારે લાગેલી આગથી મુંબઇ-દિલ્હી વચ્ચેનો રેલ વ્યવહાર સાત કલાક સુધી ખોરવાયો**

**સવારે 5.15 વાગ્યે આગનો ભોગ બનેલી ટ્રેન સવારે 9.45 વાગ્યે આગળની મુસાફરી માટે રવાના થઇ**





**રતલામ/કોટા, તા. 17 (PTI):** રવિવારે સવારે મધ્યપ્રદેશના રતલામ જિલ્લામાં તિરુવનંતપુરમથી નવી દિલ્હી જઈ રહેલી રાજધાની એક્સપ્રેસ ટ્રેનમાં આગ ફાટી નીકળી હતી, જેમાં બે કોચને નુકસાન થયું હતું અને મુંબઈ-દિલ્હી રૂટ પરનો વાહનવ્યવહાર કેટલાક કલાકો સુધી પ્રભાવિત થયો હતો, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આગની આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. આ ઘટનામાં ઓવરહેડ સાધનોને થયેલા નુકસાનને કારણે મુંબઈ-દિલ્હી રૂટ પરની ૧૦ થી વધુ ટ્રેનોના સમયપત્રકને અસર થઈ હતી. આગ લાગવાનું કારણ શોધવા માટે તપાસ ચાલી રહી છે, ત્યારે સાત કલાકથી વધુ સમય બાદ રેલ વ્યવહાર પુન:સ્થાપિત કરવામાં આવ્યો હતો. પશ્ચિમ મધ્ય રેલવેના ચીફ પબ્લિક રિલેશન ઓફિસર

...અનુસંધાન પાના 2 પર

### આગ લાગવાના સ્થળે જઈ રહેલી વાન પલટી જતાં રેલવેના પાંચ કર્મચારીઓ ઘાયલ


**રતલામ.** મધ્ય પ્રદેશના રતલામ જિલ્લામાં રવિવારે રાજધાની એક્સપ્રેસમાં આગ લાગવાના સ્થળે સમારકામના સાધનો લઈને જઈ રહેલી એક વાન પલટી જતાં રેલવેના પાંચ કર્મચારીઓ ઘાયલ થયા હતા, જેમાંથી એકની હાલત ગંભીર છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.અધિકારીએ જણાવ્યું કે, આલોટ તરફ જરૂરી સાધનો લઈને જઈ રહેલી એક વાન રસ્તામાં ત્યારે પલટી ગઈ જ્યારે અચાનક એક ગાય રસ્તાની વચ્ચે આવી ગઈ હતી. અધિકારીઓએ જણાવ્યું કે, રેલવેના પાંચ કર્મચારીઓ ઘાયલ થયા છે, જેમાંથી એકની હાલત ગંભીર છે.

...અનુસંધાન પાના 2 પર

## મોદી વિખ્યાત ડચ ડેમ જોવા ગયા

**ડચ વડાપ્રધાન** રોબ જેટેન સાથે પ્રતિષ્ઠિત ‘અફસ્લુઈટડીક ડેમ’ની મુલાકાત લીધી

**જળ વ્યવસ્થાપન** અંગે બંને દેશોએ વધુ સહકારની સંભાવનાઓ શોધી



**ધ હેગ, તા. 17 (PTI):** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તેમના ડચ સમકક્ષ રોબ જેટેન સાથે પ્રતિષ્ઠિત ‘અફસ્લુઈટડીક ડેમ’ની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન ભારત અને નેધરલેન્ડ્સે જળ વ્યવસ્થાપન અને આબોહવા-સ્થિતિસ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધુ ઊંડાણપૂર્વકના સહયોગની સંભાવનાઓ શોધી હતી.

મુલાકાત બાદ સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં મોદીએ જણાવ્યું હતું કે, એક એવું ક્ષેત્ર જેમાં નેધરલેન્ડે અભૂતપૂર્વ કાર્ય કર્યું છે તે જળ વ્યવસ્થાપન છે. સમગ્ર આંતરરાષ્ટ્રીય સમુદાય આમાંથી ઘણું બધું શીખી શકે છે.

...અનુસંધાન પાના 2 પર

## હોર્મુઝ પાર કરી 20,000 ટન LPG સાથેનું જહાજ ગુજરાત પહોંચ્યું

**માર્ચ** મહિનાની શરૂઆતથી 12 એલપીજી અને એક ક્રૂડ ઓઇલ ટેન્કર સહિત ૧૩ ભારતીય જહાજોએ હોર્મુઝની સામુદ્રધુની ઓળંગી



**કંડલા (ગુજરાત), તા. 17 (PTI).** પશ્ચિમ એશિયાની કટોકટી વચ્ચે હોર્મુઝની સામુદ્રધુની ઓળંગીને ૨૦,૦૦૦ મેટ્રિક ટન લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી) લઈને એક જહાજ ગુજરાતના કંડલામાં દીનદયાલ પોર્ટ ઓથોરિટી ખાતે આવી પહોંચ્યું હોવાનું અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, માર્શલ આઈલેન્ડ્સનો ધ્વજ ધરાવતું ‘એમવી સાયમી’ નામનું આ જહાજ કતારથી તેની સફર શરૂ કરીને ૧૩ મેના રોજ હોર્મુઝની સામુદ્રધુની ઓળંગીને શનિવારે રાત્રે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ કંડલાના બંદર પર લાંગર્યું હતું. માર્ચ મહિનાની શરૂઆતથી ૧૨ એલપીજી ટેન્કર અને

...અનુસંધાન પાના 2 પર

## ભારત-નેધરલેન્ડ સંબંધો નવી ઉંચાઈએ : 17 કરારો થયા

**વડાપ્રધાન** મોદી અને તેમના ડચ સમકક્ષ રોબ જેટન વચ્ચે વિસ્તૃત મંત્રણા, ચિપ્સ, સંરક્ષણ, સ્વચ્છ ઉર્જા ક્ષેત્રે સહયોગ વધારાશે

**બંને નેતાઓએ** પશ્ચિમ એશિયા અને યુક્રેનની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી, હોર્મુઝના જળમાર્ગમાં વહાણવટાની સ્વતંત્રતા અંગે સહમતિ

**ધ હેગ, તા. 17 :** બદલાતા વૈશ્વિક ભૂ-રાજકારણથી પ્રેરિત થઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના ડચ સમકક્ષ રોબ જેટન વચ્ચે યોજાયેલી વાતચીત દરમિયાન ભારત અને નેધરલેન્ડ્સે તેમના સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીમાં બદલ્યા હતા અને સંરક્ષણ, મહત્વના ખનિજો તથા અન્ય મહત્વના ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે ૧૭ કરારો પર હસ્તાક્ષર કર્યા હતા.

શનિવારે સાંજે યોજાયેલી તેમની બેઠકમાં, બંને વડાપ્રધાનોએ પશ્ચિમ એશિયાની સ્થિતિ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી, ખાસ કરીને વૈશ્વિક ઊર્જા પુરવઠા અને વેપાર નેટવર્કમાં ઊભા થયેલા અવરોધોને ધ્યાનમાં લેતાં આ ક્ષેત્ર અને તેનાથી આગળ તેના ગંભીર પ્રભાવો અંગે ચિંતા દર્શાવી હતી. વાટાઘાટો દરમિયાન,

એક સંયુક્ત નિવેદન અનુસાર, મોદી અને જેટને હોર્મુઝની સામુદ્રધુની દ્વારા મુક્ત નૌકાપરિવહન અને વૈશ્વિક વાણિજ્ય પ્રવાહની હિમાયત કરી હતી, જ્યારે કોઈપણ “પ્રતિબંધાત્મક” પગલાંનો વિરોધ કર્યો હતો અને આ સંદર્ભમાં ચાલી

...અનુસંધાન પાના 2 પર



### લઘુમતિઓ સંબંધી ડચ વડાપ્રધાનના નિવેદનને ભારતે ફગાવી દીધું

ધ હેગ, તા. ૧૭: નેધરલેન્ડના વડાપ્રધાન રોબ જેટેને કહ્યું હતું કે ભારતમાં લઘુમતિઓના અધિકારોનું હનન થઇ રહ્યું છે અને અખબારી સ્વાતંત્ર્યમાં પણ ઘટાડો થયો છે. જેટેનના આ નિવેદનનો વિરોધ કરતા ભારતે જણાવ્યું છે કે ભારત એક ધબકતી લોકશાહી છે અને અહીં લઘુમતિઓના અધિકારો સચવાય છે અને મીડિયાને પૂરતી સ્વતંત્રતા અપાય છે. ભારતે મીડિયાની સ્વતંત્રતામાં ઘટાડો અને ધાર્મિક તેમજ લઘુમતીઓના અધિકારોના હનન અંગેના આરોપોને સખત શબ્દોમાં નકારી

...અનુસંધાન પાના 2 પર

## સ્પેસ ઇન્ટેલિજન્સ જાયન્ટ ICEYE ભારતમાં ઉત્પાદન શરૂ કરશે

**આ કંપનીની** આ એશિયા-પેસેફિક ક્ષેત્રમાં પ્રથમ ઉત્પાદન સવલત હશે

**નવી દિલ્હી, તા. 17 (PTI):** સ્પેસ-બેઝ્ડ ઈન્ટેલિજન્સ(અવકાશ આધારિત જાસૂસી) ક્ષેત્રે વૈશ્વિક અગ્રણી કંપની ‘ICEYE’, સંરક્ષણ, દેખરેખ અને પર્યાવરણીય દેખરેખ માટે નાના ઉપગ્રહોનું ઉત્પાદન કરવા આગામી એક વર્ષમાં ભારતમાં તેની પ્રથમ ઉત્પાદન સુવિધા સ્થાપવા જઈ રહી છે.

ICEYEના સીઈઓ અને સહ-સ્થાપક રાફલ મોડ્રઝેવસ્કીએ જણાવ્યું હતું કે, આ સુવિધા એશિયા-પેસિફિક ક્ષેત્ર માટે કંપનીના મુખ્ય ઉત્પાદન હબ તરીકે કામ કરશે, જે યુરોપ અને અમેરિકામાં તેની વર્તમાન કામગીરીને પૂરક બનશે. આ કંપનીના સેટેલાઈટ કોન્સ્ટેલેશન્સ હાલમાં સંરક્ષણ અને

...અનુસંધાન પાના 2 પર

તા. ૧૭-૦૫-૨૦૨૬નું વડોદરા શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૪૨.૬° સે. | ૨૯.૬° સે. | ૨૪% |

## યુએઇના અણુ વીજળી મથક નજીક ડ્રોન હુમલાથી આગ : યુદ્ધ વિરામ વધુ જોખમમાં

**કોઇ** જાનહાનિ કે ઇજા નહીં, કિરણોત્સર્ગ સુરક્ષાના સ્તર પર અસર નહીં

**હુમલો** કોણે કર્યો તે અસ્પષ્ટ, યુએઇએ પણ કોઇના પર આક્ષેપ કર્યો નહીં

**કૈરો, 17 (AP):** સંયુક્ત આરબ અમીરાતના સત્તાવાળાઓએ રવિવારે જણાવ્યું હતું કે, અબુ ધાબીમાં એક ન્યુક્લિયર પાવર પ્લાન્ટની બહાર



ડ્રોન હુમલાને કારણે આગ લાગી હતી. આના કારણે યુદ્ધ વિરામને વધુ એક આંચકો લાગ્યો છે.

અબુ ધાબી મીડિયા ઓફિસે એક નિવેદનમાં જણાવ્યું છે કે, અલ ધાફરામાં આવેલા ‘બરાકાહ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ’ની સરહદ બહાર એક બાહ્ય ઈલેક્ટ્રિકલ જનરેટરમાં આ આગ ફાટી નીકળી હતી. નિવેદનમાં વધુમાં જણાવાયું છે કે, આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી અને રેડિયોલોજીકલ સુરક્ષાના સ્તર પર કોઈ અસર થઈ નથી. આ ડ્રોન હુમલો એવા સમયે થયો છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે નાજુક યુદ્ધવિરામ ચાલી રહ્યો છે, પરંતુ તણાવ હજુ પણ યથાવત છે. આ તણાવ મધ્ય પૂર્વને ફરીથી ખુલ્લા યુદ્ધ તરફ ધકેલી દેવાની અને આ સંઘર્ષને કારણે સર્જાયેલી વૈશ્વિક

...અનુસંધાન પાના 2 પર

## શ્રીલકાના હંબનટોટા નજીક વ્યુહાત્મક એરપોર્ટ લીઝ પર લેવા ભારતની નજર

**હંબનટોટા** બંદર શ્રીલંકાએ ચીનને ભાડાપટે આપ્યું છે ત્યારે આ એરપોર્ટ પોતે લીઝ પર લેવા ભારતની ઉત્સુકતા

**નવી દિલ્હી, તા. 17 (PTI):** શ્રીલંકા દ્વારા ચીન-નિયંત્રિત હંબનટોટા બંદર નજીકના એક એરપોર્ટનું નિયંત્રણ વિદેશી રોકાણકારોને સોંપવાના નિર્ણય પર ભારત ઝીણવટભરી નજર રાખી રહ્યું છે. આ બાબતથી માહિતગાર લોકોએ રવિવારે જણાવ્યું હતું કે, આ નિર્ણય હિંદ મહાસાગરમાં વ્યૂહાત્મક પકડ મજબૂત કરવા ઈચ્છતી ભારતીય કંપનીઓ માટે એક દુર્લભ તક સાબિત થઈ શકે છે.

શ્રીલંકા સરકારે હંબનટોટામાં આવેલા મત્તાલા રાજપક્ષે ઈન્ટરનેશનલ એરપોર્ટ (MRIA)નું નિયંત્રણ ૩૦ વર્ષના બિલ્ડ-ઓપરેટ-ટ્રાન્સફર (BOT) મોડલ હેઠળ સોંપવા માટે ૯ જૂન સુધીમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય રોકાણકારો પાસેથી ‘એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ’ મંગાવ્યા છે. વર્ષ ૨૦૧૭માં, ચીને

...અનુસંધાન પાના 2 પર